# પાકિસ્તાનમાં વાઘા સરહદે આત્મઘાતી હુમલો



**ધ્વજવંદનની વિધિ દરમિયાન આત્મઘાતી બોંબર ત્રાટક્યો : : ૫૦ મોત : મૃત્યુ પામેલાઓમાં બાળકો અને પાકિસ્તાની સૈનિક સામેલ છે : સેકડો લોકો ઘાયલ થયા : ઘાયલો પૈકીના અનેકની હાલત ગંભીર : ભારે અંધાધૂંધી ફેલાઈ**

લાહોર, તા. ૨ પાકિસ્તાનના વાઘા બોર્ડર ઉપર આજે થયેલા પ્રચંડ બ્લાસ્ટમાં ૪૫ લોકોના મોત થયા છે અને સેકડો લોકો ઘાયલ થયા છે. વાઘા બોર્ડર ઉપર ધ્વજ લહેરાવવાની વિધિ દરમિયાન આ બ્લાસ્ટ થયો હતો જેમાં ૫૦ના મોત થયા હોવાના અહેવાલ મળ્યા છે. એમ માનવામાં આવે છે કે, એક આત્મઘાતી બોંબર દ્વારા આ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. માર્યા ગયેલાઓમાં બાળકો અને બે પાકિસ્તાની રેન્જર્સ પણ સામેલ છે. પ્રાથમિક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, આ બ્લાસ્ટમાં સેકડો લોકો ઘાયલ થયા છે. મૃતકોની સંખ્યા વધી શકે છે. કારણ કે ઘાયલ થયેલા લોકો પૈકી ઘણાની હાલત ગંભીર જણાવવામાં આવી છે. પંજાબ પોલીસના વડા મુસ્તાક અહેમદ સુખેરાએ માહિતી આપતા કહ્યું હતું કે, આ એક આત્મઘાતી હુમલો હતો. આત્મઘાતી બોંબરને વાઘા બોર્ડરની પરેડ મેદાન તરફ જતી વેળા ચેકપોસ્ટ ઉપર રોકવામાં આવતા બ્લાસ્ટ કરી દીધો હતો. એ ગાળા દરમિયાન ત્યાં મોટી સંખ્યામાં લોકો હતા. બ્લાસ્ટમાં ઘાયલ થયેલા તમામ લોકોને લાહોરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા

● અનુસંધાન પાન-૭ પર


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


ન્યાય અને ધર્મની પ્રતિષ્ઠા માટે જેવી રીતે સંતની પવિત્રતા જરૂરી છે તેવી જ રીતે યોદ્ધાની તલવાર પણ આવશ્યક છે

- કાન્તિ ભટ્ટ

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૩૦ | ૩ નવેમ્બર, ૨૦૧૪, સોમવાર ; કારતક સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં સ્વચ્છતા અભિયાન

**પાંચ હજારથી વધુ વસ્તી ધરાવતા ૬૭ ગામોમાં સ્વચ્છતા અભિયાન યોજાશે : ૭મીએ આ ૬૭ ગામોના સરપંચો અને તલાટીઓનું ગાંધીનગરમાં સંમેલન : ૩૫ જેટલા લાયઝન અધિકારીઓને અભિયાનની જવાબદારી**

ગાંધીનગર, તા. ૨ જિલ્લામાં પાંચ હજારથી વધુ વસ્તી ધરાવતા ૬૭ ગામોમાં આગામી દિવસોમાં સઘન રીતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે. આ માટે આ ૬૭ ગામોના સરપંચ અને તલાટીઓનું એક સંમેલન પણ ૭મી નવેમ્બરના રોજ યોજવામાં આવ્યું છે.

પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન તબક્કાવાર હાથ ધરવામાં આવશે. આ ૬૭ ગામોમાં સ્વચ્છતા અભિયાન માટે ૩૫ અધિકારીઓની પસંદગી કરી અને તેમને ગામની ફાળવણી કરતા હુકમો પણ જારી કરાયા છે. આ અધિકારીઓ આ ગામોમાં સ્વચ્છતા અભિયાનનું સીધુ મોનીટરીંગ કરશે અને તેમનો અહેવાલ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સમયાંતરે આપશે.

મળતી વિગતો પ્રમાણે ૭મી નવેમ્બરના રોજ યોજાયેલ સરપંચ સંમેલનમાં સ્વચ્છતા મિશન અંગે સરકારે તૈયાર કરેલ નવી યોજનાઓ

● અનુસંધાન પાન-૭ પર





પ્રદર્શન પરિસર - ગાંધીનગરના હેલીપેડનો નવો અવતાર નિહાળવો હોય તો એક વખત સેક્ટર-૧૭માં આંટો મારવો જોઈએ... કેવા ભવ્યાતીભવ્ય હોલ નિર્માણ થયા છે... વાયબ્રન્ટ સમિટના આગમન પૂર્વે તડામાર તૈયારીઓ ચાલે છે ત્યારે સમગ્ર પ્રદર્શન પરિસર પૂર્ણતાને આરે છે... ગાંધીનગરની ઓળખમાં એક નવું છોગું ઉમેરાશે... આગામી દિવસોમાં ગાંધીનગરની શોભામાં અભિવૃદ્ધિ થશે... (તસવીર : કશ્યપ નિમાવત)

# કુડાસણ જમીન કૌભાંડમાં બેની ધરપકડ

**સમજુતી કરારના કાગળો કાઢીને દસ્તાવેજ પાછળ લગાવી દઈ જમીન પચાવી પાડી હતી : હજુ ત્રણ ફરાર**

ગાંધીનગર, તા. ૨ કુડાસણ ગામની ૧૦ વિઘા જમીનનો સમજુતી કરાર જે પાર્ટી સાથે કરવામાં આવ્યો હતો તે પાર્ટીએ કેટલાક મળતીયાઓ સાથે મળીને સમજુતી કરારમાં થયેલી સહીઓ વાળા દસ્તાવેજો નીકાળીને જમીન દસ્તાવેજમાં લગાડી દઈ કરોડોની જમીન પચાવી પાડ્યાની ઘટના બનવા પામી હતી. આ સંદર્ભે સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ગઈ કાલે આ ગુનામાં સાક્ષી અને ચિંટીંગની જમીન ખરીદનાર બે શખ્સોની પોલીસે ધરપકડ કરી ફરાર અન્ય ત્રણ શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

મળતી વિગતો મુજબ રજનીકાન્ત પટેલ નામના ખેડૂતની કુડાસણ ગામમાં સ્થિત સર્વે નં. ૬૦૭ વાળી ૧૦ વિઘા જમીન તેમણે વેચવા તૈયારી દર્શાવી હતી. હરેશ કનૈયાલાલ મજેઠીયા સાથે જમીન બાબતે સમજુતી કરાર થયો અને ત્યાર બાદ જમીનના દસ્તાવેજનો સમય આવ્યો ત્યારે રૂપિયા પછી આપવાના બહાના બતાવ્યા હતા. ત્યાર બાદ સમજુતી કરારના દસ્તાવેજના પાછળના કાગળો કાઢી લઈને દસ્તાવેજની પાછળ લગાવી દઈ જમીન નામે કરાવી લઈ કરોડોની છેતરપીંડીનો કિસ્સો બન્યો હતો. વર્ષ-૨૦૦૯ થી ચાલતા આ પ્રકરણની તપાસ સી.આઈ.ડી. ક્રાઈમ, સીટ અને ત્યાર બાદ સીટના આદેશથી સે. ૭ પોલીસ સ્ટેશનમાં ત્રણ મહિના પહેલા ગુનો નોંધાયો હતો. જેની તપાસ સંભાળી રહેલા સેકન્ડ પી.આઈ. મીની જોસેફ ગઈ સાંજે એક સાક્ષી હિતેશ રેવનદાસ રાવત અને આ ડખાવાળી જમીન ખરીદનાર રાજેશ બાબુ પટેલ બંનેની ધરપકડ કરી લીધી છે. તે ઉપરાંત ત્રણ આરોપીઓની શોધખોળ શરૂ કરવામાં આવી છે.



દિવ્ય શોભાયાત્રા - ગાંધીનગર અને અમદાવાદના શીખ સમુદાય દ્વારા દુધેશ્વર ગુરુદ્વારાથી શીખ સમુદાયની દિવ્ય શોભાયાત્રા નિકળી હતી જેમાં સેંકડો પરિવારો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# પેથાપુર-મહુડી માર્ગને ફોરલેન બનાવવાના કામમાં હવે ઝડપ થશે

**વૃક્ષો કાપવાનુ શરૂ : જો કે કામ પૂર્ણ થતા વર્ષ નીકળી જશે**

ગાંધીનગર, તા. ૨ પેથાપુર-મહુડી માર્ગને ફોરલેન બનાવવાનું કામ હવે ઝડપભેર થશે. વન વિભાગ કક્ષાએથી વૃક્ષો કાપવાની મંજુરી આપી દેવાતા તંત્ર દ્વારા હાલ આ રૂટમાં આવતા વૃક્ષો દૂર કરવાનુ કામ શરૂ કરી દેવાયુંછે, જ્યારે વૃક્ષોની કટોતીના મામલે માર્ગ મકાન વિભાગે અંદાજિત ૪૦ લાખથી વધુ વળતર પણ વન વિભાગને ચુકવી દીધુ છે.

પેથાપુર-મહુડી માર્ગને પ્રવાસન પથ જાહેર કર્યા બાદ આ માર્ગના વાઈડનીંગ માટે પણ પાંચ વર્ષ અગાઉ કામ હાથ ધરવામાં આવ્યું હતું. જ્યારે હાલ આ રસ્તાને ફોરલેન બનાવવાનુંકામ પ્રગતિ હેઠળ છે. પેથાપુર મહુડી માર્ગ પર યાત્રિકોની અવરજવર વિશેષ હોવાથી ટ્રાફિકનો ધમધમાટ વધી ગયો છે. જ્યારે યાત્રાળુઓની માર્ગ સલામતી જળવાય તેવા આશયથી આ માર્ગને ચકાચક બનાવવા અંદાજિત રૂ. ૫૬ કરોડના ખર્ચે કામ હાથ ધરવામાં આવ્યું છે. પરંતુ આ માર્ગની કામગીરીને અનુલક્ષી રૂટમાં આવતા અંદાજિત ૧૫૦૦ જેટલા વૃક્ષો કાપવા પડે તેમ હોવાથી તંત્ર દ્વારા વનવિભાગની મંજુરી લેવા અગાઉ દરખાસ્ત કરવામાં આવી હતી. જે તે વિભાગ દ્વારા મંજુરી આપી દેવાતા હવે આ કાર્યયોજના ઝડપથી આગળ વધશે. વૃક્ષો કાપવાના મામલે તંત્ર દ્વારા વન વિભાગને અંદાજિત ૪૦ લાખથી વધુ વળતર ચુકવી દેવાયુ છે. જ્યારે હાલ રૂટમાંથી વૃક્ષો દૂર કરી કામ પ્રગતિ હેઠળ છે.


**વેચવાનો છે**

લેકાવાડા ગાંધીનગરમાં ૧૦૦ વારનો પ્લોટ, ૮ લાખ ૫૧ હજારમાં વેચવાનો છે.

સંપર્ક
- અરવિંદસિંહ -
૭૦૪૬૭ ૦૧૪૯૦
- અમરસિંહ -
૯૮૨૪૨ ૬૧૦૩૨



**સૌ નગરજનોને**

**નૂતન વર્ષાભિનંદન**





પુરષોત્તમ જે. સુશીલ
પ્રમુખ

સવિતાબેન પી. સુશીલ
મહામંત્રી

તેમજ ટ્રસ્ટી મંડળ (સુશીલ પરિવાર)

**સર્જન એજ્યુકેશન વેલ્ફેર ટ્રસ્ટ**

પ્લોટ નં. ૧૨૪/૧, સેક્ટર-૧/બી, ગાંધીનગર



૨૦૧૩-૧૪ ના વર્ષની નાણાંકીય સ્થિતિ

થાપણો 6945 ₹ કરોડ

ધિરાણો 5029 ₹ કરોડ

સ્વ ભંડોળ 553.70 ₹ કરોડ

GSC BANK (APEX BANK)

**ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક લિ.**

(શીડ્યુલ્ડ એપેક્ષ બેંક)

સરદાર વલ્લભભાઈ પટેલ સહકાર ભવન, શાસ્ત્રીનગર બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

**થાપણદારોના હિતની રક્ષા કરતી બેંક**

ગુજરાતના ખેડૂતોની હરહંમેશ મદદ કરનારી બેંક

હવે ગાંધીનગર શહેરના નાગરીકોની સેવામાં કદમ માંડી રહી છે.

ગાંધીનગર બ્રાંચનો શુભારંભ

ઉદ્‌ઘાટક
શ્રી માનસિંહભાઈ કે. પટેલ
ચેરમેનશ્રી, ગુજરાત રાજ્ય સહકારી ખાંડ ઉદ્યોગ સંઘ લિ.

અતિથિ વિશેષ
શ્રી અશોકકુમાર પટેલ – ધારાસભ્યશ્રી, ગાંધીનગર (ઉત્તર)
શ્રી લાલભાઈ પટેલ – ચેરમેનશ્રી, ગાંધીનગર જીલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ.

તા. ૦૩-૧૧-૨૦૧૪, સોમવાર • સમય : સાંજે ૫-૦૦ કલાકે

સ્થળ : સરદાર સહકારી ખાંડ ભવન, પ્લોટ નં. ૨૭૪, સેક્ટર-૧૬, ઘ-રોડ, ગાંધીનગર

બ્રાંચો
• રીલીફ રોડ • શાહીબાગ • પાલડી • મણિનગર • નારણપુરા • નિકોલ • નવા વાડજ • ગાંધીનગર

ટુંક સમયમાં શરૂ થનાર બ્રાંચો
• વિજય ચાર રસ્તા • આનંદનગર • સાયન્સ સિટી • ગોતા • ગીફ્ટ સિટી • સરખેજ રીંગ રોડ • બોપલ રીંગ રોડ • વસ્ત્રાલ રીંગ રોડ • અસલાલી રીંગ રોડ • વૈષ્ણોદેવી રીંગ રોડ • શીલજ રીંગ રોડ • વટવા રીંગ રોડ

**બેંક એક... સુવિધા અનેક...**
• આપની સેવામાં અદ્યતન ટેકનોલોજી, કોમ્પ્યુટરાઈઝેશન, સંપૂર્ણ વાતાનુકુલિત તેમજ કોર બેંકીંગ સોલ્યુશન (CBS)ની સુવિધા સાથે Any Branch Banking
• RTGS, NEFT, CTS, Lockers તથા NDS ની સેવાઓ ઉપલબ્ધ
• ATM / Debit Card તથા નેટ બેન્કીંગની અદ્યતન બેન્કીંગ સેવાઓ કાર્યરત
• જનધન યોજના હેઠળ સેવિંગ એકાઉન્ટની સગવડ
• જ્યોતિર્ગમય અકસ્માત વીમા યોજના
• જ્યોતિર્ગમય સ્વાસ્થ્ય વીમા યોજના
• જાહેર જનતા માટે આકર્ષક દરે મકાન લોન, વાહન લોન, ઉચ્ચ શિક્ષણ લોન, મકાન એક્સટેન્શન લોન તથા સિક્યુરીટી (મોર્ગેજ લોન)ની સુવિધા

ધિરાણ યોજનાઓના આકર્ષણો
▪ ઝડપી ધિરાણ પ્રક્રિયા
▪ સરળ દસ્તાવેજીકરણ
▪ કિફાયતી વ્યાજ દર
▪ વ્યાજ ઘટતી જતી બાકી ઉપર
▪ કોઈ પ્રોસેસીંગ ચાર્જ નહિ
▪ કોઈ છૂપા ચાર્જીસ નહિ
▪ ઝીરો પ્રિપેમેન્ટ ચાર્જ

**બેંકની સિધ્ધિઓ**
બેંકને નેફસ્કોબ, ઈન્ડીયા દ્વારા વર્ષ ૨૦૧૨-૧૩ માટે ‘‘રીસોર્સ ડેવલોપમેન્ટ’’ અને ‘‘પ્રોફીટિબીલીટી’’ એમ બે પ્રકારના વિશિષ્ટ ઈનામો એનાયત કરવામાં આવેલ છે.

બેંકના કામકાજનો સમય
સોમ થી શુક્ર : સવારે ૯-૩૦ થી સાંજે ૪-૩૦
શનિવાર : સવારે ૯-૩૦ થી બપોરે ૧-૩૦

પારદર્શક વહીવટ... કુશળ નેતૃત્વ દ્વારા બેંકની પ્રગતિના હિમાયતી

સંચાલક મંડળ
શ્રી શંકરભાઈ એલ. ચૌધરી – વાઈસ ચેરમેન
શ્રી અજયભાઈ એચ. પટેલ – ચેરમેન

શ્રી અમિતભાઈ એ. શાહ, શ્રી વિઠ્ઠલભાઈ એચ. રાદડીયા, શ્રી બ્રિજરાજસિંહ એચ. જાડેજા, શ્રી કરસનભાઈ જી. પટેલ, શ્રી બિપીનભાઈ એન. પટેલ, શ્રી એમ. એ. નરમાવાલા (સહકાર કમિશનરશ્રી અને રજી. (સ.મં.) ગુ.રા.)
શ્રી દિલીપભાઈ એન. સંઘાણી, શ્રી અરૂણસિંહ એ. રણા, શ્રી જયંતિભાઈ યુ. પટેલ, શ્રી અતુલભાઈ સી. પટેલ, શ્રી નટવરલાલ આર. પટેલ, શ્રી પ્રદીપ એમ. વોરા (ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર)
શ્રી ધીરૂભાઈ એ. ચાવડા, શ્રી લીલાચંદભાઈ વી. પટેલ, શ્રી ડોલરરાય વી. કોટેચા, શ્રી હરદેવસિંહ જે. પરમાર, શ્રી બચુભાઈ એસ. પટેલ
શ્રી નટવરલાલ પી. પટેલ, શ્રી દિલીપભાઈ બી. ભક્ત, શ્રી કાંતિભાઈ એલ. પટેલ, શ્રી માવજીભાઈ એન. ગોલ, શ્રી કાંતિલાલ બી. સોરઠીયા
શ્રી અમીચંદભાઈ એચ. પટેલ, શ્રી નાનુભાઈ વી. વાઘાણી, શ્રી જવાહરભાઈ પી. ચાવડા, શ્રી દેવરાજભાઈ કે. ગઢવી, શ્રી એમ. કે. મુદ્‌ગલ (સી.જી.એમ. નાબાર્ડ, અમદાવાદ)

આ ધરતી ઉપર છાતી કાઢીને ચાલવાનો કોઈને અધિકાર હોય તો તે માત્ર ખેડૂતને જ છે.